પોષણ સુધા કાર્યક્રમનો સર્વે આદિજાતિ વિકાસની કચેરી હેઠળ કાર્યરત ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી મારફત કરાવવા તેમજ થનાર ખર્ચ માટેની આંશીક રકમ ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટીને હવાલે મૂકવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
હુકમ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૨/૨૬/બ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬/03/૨૦૨૨

**વંચાણે લીધા:**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૭/૪૪/બ, તા.૦૭/૦૪/૨૦૧૭.

(૨)નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) ની તા.૨૦/૦૧/૨૦૨૨ની દરખાસ્ત ક્ર. મબવ/ICDS/MIS/પોષણ સુધા સર્વે/૩૨૫૦/૫૧/૨૦૨૨.

**પ્રસ્તાવના:**

વંચાણે લીધા ક્ર. (૧) પરના ઠરાવથી ૬ વિકાસશીલ તાલુકાઓમાં સગર્ભા અને ધાત્રી માતાઓને " સ્પોટ ફીડીંગ પ્રોગ્રામ" ની યોજનાને વહિવટી મંજુરી આપવામાં આવેલ. વંચાણે લીધી ક્ર. (૨) પરથી નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) દ્વારા સદર કામગીરીનો મુલ્યાંકન અભ્યાસ હાથ ધરવા માટે સદર કામગીરી માટેની ગ્રાન્ટ ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટીને હવાલે મૂકવા દરખાસ્ત કરેલ છે.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે "સ્પોટ ફીડીંગ પ્રોગ્રામ" યોજનાનો મુલ્યાંકન અભ્યાસ હાથ ધરવા તા.૩૦/૦૯/૨૦૨૨ સુધી ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટીને હવાલે રૂ.૫.૦૦

લાખ મૂકવા નીચેની શરતોને આધિન આથી મંજુરી આપવામાં આવે છે.

1. જમા રકમ અંગે તા.૩૦/૦૯/૨૦૨૨ સુધીમાં અચુકપણે ખર્ચ/ચુકવણું કરવાનું રહેશે.
2. જમા કરાવેલ રકમ GSFS ખાતે ડીપોઝીટ તરીકે મુકવાની રહેશે.
3. નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) એ ખાત્રી કરવાની રહેશે કે, GSFS માં પાર્ક કરેલી રકમ ઉપર મળેલ વ્યાજની રકમ રાજ્ય સરકાર ખાતે એટલે કે, બજેટ સદર ૦૦૪૯-૦૪-૮૦૦-૨૧ હેઠળ અચુકપણે જમા થાય.
4. સદર રકમ જે તે હેતુસર જ ઉપયોગમાં લેવાની રહેશે.
5. ખર્ચ/ચુકવણું કર્યા બાદ વધતી રકમ રાજ્ય સરકારમાં પરત જમા કરાવવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૫-૦૩-૨૦૨૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નાણા સલાહકરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઈલ.